# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3567-9 તારીખ : 22-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
અમિતભાઈ ધીરજલાલ રોકડ
" પાર્થ", ૦૨-મારુતિ નગર, રામાણીપાન વાળી શેરી, પેડક રોડ, રાજકોટ,
તા. : રાજકોટ , જી. : રાજકોટ,
મોબાઈલ : ૯૩૨૭૯૯૦૫૦૦

વિષય : ૧૧ કેવી લાઈન ફેરવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. [illegible] )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કુવાડવા.

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૨/ક્વા-૪/૨૦૧૮-૧૯/** 3567-9 તા. 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૨/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | અમિતભાઈ ધીરજલાલ રોકડ ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે મહેશભાઈ બી. પીપળીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ ગ્રામ્ય** |
| રજૂઆત કરનાર: | (૧) કાર્યપાલક ઇજનેર શ્રી એલ.કે.પરમાર વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |
| | (૨) કાર્યપાલક ઇજનેર શ્રી એચ.બી.પરમાર વિભાગીય કચેરી - શહેર -૩ રાજકોટ |
| | (૩) નાયબ ઇજનેર શ્રી ડી. ડી. શીંગરખીયા વિભાગીય કચેરી - વાવડી પેટા વિભાગીય કચેરી રાજકોટ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૦૮.૦૫.૨૦૧૯ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૫.૨૦૧૯ રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અમિતભાઈ ધીરજલાલ રોકડ તા. : રાજકોટ ,સોખડા ના રે. સર્વે નંબર: ૧૦૪ પૈકી ની જગ્યા ઓદ્યોગીક બીનખેતી માટે તા.૧૫–૦૪–૧૦ ના રોજ બીનખેતી માટે અરજી કરેલ હતી, જેના અનુસંધાને પીજીવીસીએલ ના એન.ઓ.સી. માટે ૧૧ કેવી લાઈન પસાર થતી હોય – તે ફેરવવા માટે અંદાજપત્ર નં.–૩૫૯૦ રકમ ૪૨૮૮૫/– નુ અપાયેલ હતુ. જે તા.૦૧–૦૬–૨૦૧૦ થી રસીદ નંબર: ૨૦૬૮૨ થી ભરપાઈ કરેલ હતુ. જે અનુસંધાને – સદર સવાલવાળી વીજલાઈન શીફ્ટીગ કરાયેલ નથી. સદર જગ્યા પર ઓદ્યોગીક પ્લોટીગ કરેલ હોય – તેમજ સદર જગ્યા વેચાણ કરી આપેલ છે. જેમા ફેકટરી નુ બાંધકામ કરવાનુ થતુ હોય - પરંતુ, સદર વીજલાઈન ના કારણોસર કામગીરી થઈ શકતી નથી. સદર બાબતે – પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી કુવાડવા તેમજ વાવડી પેટા વિભાગીય કચેરી ને રજુઆત કરેલ પરંતુ, કોઈ કાર્યવાહી ન થતા અરજદારે– અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારશ્રી દ્વારા સોખડા ગામના સર્વે નંબર: ૧૦૪ પૈકી ની જગ્યા ઓદ્યોગીક બીનખેતી માટે તા.૧૫-૦૪-૧૦ ના રોજ બીનખેતી માટે અરજી કરેલ હતી, જેના અનુસંધાને પીજીવીસીએલ ના એન.ઓ.સી. માટે ૧૧ કેવી લાઈન પસાર થતી હોય – તે ફેરવવા માટે અરજદાર ને અંદાજપત્ર નં.-૩૫૯૦ રકમ ૪૨૪૮૫/- નુ અપાયેલ હતુ. જે અરજદાર દ્વારા તા.૦૧-૦૬-૨૦૧૦ થી રસીદ નંબર: ૨૦૬૮૨ થી ભરપાઈ કરેલ હતુ. સદર ૧૧કેવી વીજ-લાઇન ફેરવવાનું કામ હજુ સુધી કરવામાં આવેલ નથી.

3.૧ સદર બાબતે અરજદારશ્રી દ્વારા હાલ કાર્યરત કુવાડવા પેટા વિભાગીય કચેરી, કુવાડવા મુકામે ઉપરોક્ત બાબતે જાણ કરતાં, નાયબ ઈજનેર, કુવાડવા દ્વારા સંદર્ભ પત્ર તા.૦૭-૦૩-૧૯ અને તા.૦૬-૦૫-૧૯ થી નાયબ ઈજનેર, વાવડી અર્બન સ.ડી. ને સદર બાબતે જે તે સમયે સોખડા ગામ વાવડી સ.ડી. હેઠળ આવતું હોય અરજદારશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ રકમ મુજબ નું કામ ખરેખર થયું છે કે નહીં તે બાબતની ખરાઈ કરી સત્વરે અભિપ્રાય મોકલી આપવા જણાવવામાં આવેલ છે. પરંતુ નાયબ ઈજનેર, વાવડી સ.ડી. દ્વારા ઉપરોક્ત બન્ને પત્ર નો પ્રત્યુતર આપવામાં આવેલ નથી. જેથી અરજદારશ્રી ની અરજી મુજબ ૧૧કેવી વીજ-લાઇન ફેરવવાની કાર્યવાહી હાથ ધરાયેલ નથી. આમ નાયબ ઈજનેર, વાવડી સ.ડી. દ્વારા જરૂરી પ્રત્યુતર મળ્યે અરજદારશ્રી ની ૧૧કેવી વીજ-લાઇન ફેરવવાની અરજી ની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી દ્વારા બીનખેતી જમીનમાં પીજીવીસીએલ ની લાઈન શીફટીગ માટે ની અરજી અન્વયે – પીજીવીસીએલ દ્વારા તા.૩૧-૦૫-૧૦ થી જરૂરી નિયત ભાવપત્રક રકમ રૂ.૪૨૪૮૫/- નુ અપાયેલ હતુ. જે અન્વયે અરજદાર દ્વારા તા.૦૧-૦૬-૨૦૧૦ થી રસીદ નંબર: ૨૦૬૮૨ થી ભરપાઈ કરેલ હતુ. પરંતુ, જે તે વખતે પીજીવીસીએલ દ્વારા લાઈન શીફટીગ ની કામગીરી થયેલ ન હોય – અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ સદર કેઈસ મા, અરજદાર દ્વારા ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે લાઈન શીફટીગ ની કામગીરી થયા અંગે ની પૂર્તતા બાબતે – નાયબ ઈજનેર, વાવડી સ.ડી. પાસેથી પ્રત્યુતર મેળવીને તે મુજબ ની સત્વરે કાર્યવાહી કરવા – તેમજ થયેલ કાર્યવાહી ની અરજદારને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ – દિન-૩૦ માં લેખીત પત્ર દ્વારા જાણકારી આપવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા ન.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન ન. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯